સંદેશ
A Leading Gujarat Newspaper

**18th March, Sunday, 2007**

# અશક્તોની સેવા હવે સંતરામના વિશિષ્ટ સેવકો બજાવશે

નડિયાદ, તા.૧૭

અશક્ત, ઓપરેશન કરાવ્યું હોય અસહાય હોય કે પેરાલીસીસ જેવી લાંબી બિમારીમાં પટકાયેલા દર્દીઓના ઘરના માણસો કોઈપણ કારણોસર તેઓની એવા સુશ્રૂષા કરવા અસમર્થ હોય તો હવે ચિંતા કરવાની જરૂર નથી. કારણ કે ગુજરાતભરમાં એક માત્ર નડિયાદ શહેરમાં સંતરામ મંદિર દ્વારા એક વિશિષ્ટ સેવા યોજના શરુ કરવામાં આવી છે. જેમાં શહેરના જરુરતમંદ દર્દીઓ, નિસહાય વૃદ્ધો લાંબી બિમારીમાં પટકાયેલા દર્દીઓના ઘરના માણસો કોઈપણ કારણોસર તેઓની સેવા સુશ્રુષા કરવા અસમર્થ હોય તો હવે ચિંતા કરવાની જરુર નથી. કારણકે ગુજરાતભરમાં એક માત્ર નડિયાદ શહેરમાં સંતરામ મંદિર દ્વારા એક વિશિષ્ટ સેવા યોજના શરુ કરવામાં આવી છે. જેમાં શહેરના જરુરતમંદ દર્દીઓ, નિસાહય વૃદ્ધો લાંબી બિમારીમાં પટકાયેલા દર્દી તથા અસહાય લોકોની સેવા માટે બાર કલાકના રુા. ૬૦ ના વેતનથી સેવાભાવી સ્ત્રી - પુરુષો સેવા બજાવશે. દર્દીઓ, અશક્ત કે અસહાય વ્યક્તિઓ કે જેઓની સાથે તેમનું ધ્યાન રાખવા, સારવાર કરવા સ્નેહીજનોનો અભાવ હોય તેવા વ્યક્તિઓની સાથે રહીને સેવાભાવી સેવકો તેમની સારવાર કરશે, તેમને ખવડાવશે, પીવડાવશે, નવડાવશે, પેપર તથા ધાર્મિક ગ્રંથો વાંચી સંભળાવશે, ભજન સંભળાવશે, સ્પંચ કરી આપશે વિગેરે બહુમુલ્ય સેવા કરશે.

અશક્ત, રોગી કે અસહાય લોકોના ઘરના માણસો તેઓની સેવા કરવામાં પહોચી વળતા ના હોય દિકરો અને દિકરાની વહુ નોકરી કરતા હોય અને ઘરમાં વૃદ્ધ મા-બાપ હોય તો આવા વડીલોની દેખભાળ માટે નડિયાદ ઓપનએર થીયેટર સામે આવેલા શ્રી સંતરામ ફિઝીયોથેરાપી સેન્ટરમાંથી આ વિશિષ્ટ સેવા માટે સેવાભાવી સેવકો મળી રહેશે. દિકરો વિદેશ હોય અને મા-બાપ નડિયાદમાં રહેતા હોય તો આવા મા-બાપો માટે આ વિશિષ્ટ સેવા ઉપલબ્ધ છે. ભારે શરીર હોય તેવા વૃદ્ધોની જો ઘરના માણસો સેવા કરવા અસમર્થ હોય તેવા સંજોગોમાં પણ સવારના ૮ થી સાંજના ૮ વાગ્યા સુધીની બાર કલાકની સેવા રુ. ૬૦ના દૈનિક વેતનથી કરે તેવા સેવાભાવી સેવકો સંતરામ ફિઝીયોથેરાપી સેન્ટરે ઉભા કર્યા છે. રાત્રે જરુર હોય તો સાંજના ૮ થી સવારના ૮ સુધીના ૧૨ કલાકના રુા. ૬૦ લઈને આ સેવકો સેવા બજાવશે, તેથી હવે વૃદ્ધ, બિમાર કે અસહાય વ્યક્તિના સ્નેહી જનોએ ચિંતા કરવાની જરુર નથી. વૃદ્ધ વૃડીલોને ઘરમાં એકલા મુકીને કોઈના લગ્ન પ્રસંગમાં કે કોઈ અન્ય કારણસર બહારગામ જવાનું થાય તેવા ટાઈમે પણ સંતરામ ફિઝીયોથેરાપી સેન્ટરમાંથી સેવાભાવી સેવકોને લાવીને ઘરના વડીલોની સેવા કરી શકાશે. પુરુષની સેવા માટે પુરુષો અને સ્ત્રીઓની સેવા કરવા સ્ત્રીઓ આવશે. આ સેવકો વૃદ્ધ - વડીલો કે દર્દીઓની સેવાસુશ્રુષા જરુર કરશે પરંતુ તેમને સંડાસ, બાથરુમ નહી કરાવે કે તેમણે સંડાસ બાથરુમ કરીને બગાડેલા કપડા પણ નહી ધુએ. વડીલો, વૃદ્ધો કે દર્દીઓની સેવા કરવા આવતા આ વિશિષ્ટ સેવકો નિમવા માટે સંતરામ ફિઝીયોથેરાપી સેન્ટરમાં તેમની અરજી લેવામાં આવે છે અરજીમાં સંપૂર્ણ બાયોડેટા, ફોટોગ્રાફ, બે વ્યક્તિઓની ઓળખાણ વગેરે સંપૂર્ણ માહિતી મંગાવવામાં આવે છે. તે સંતોષકારક જણાય પછી જે તે વ્યકતીને આ વિશિષ્ટ સેવામાટે પસંદ કરાય છે.

આ સેવા છેલ્લા એકવર્ષથી શરુ કરવામાં આવી છે. જેનો સવિશેષ લાભ એન.આર.આઈ. લઈ રઉંા છે.

પ.પૂ.યોગીરાજ શ્રી સંતરામ મહારાજની કૃપા તથા મહંત શ્રી પૂ.રામદાસજી મહારાજની પ્રેરણાથી નડીઆદમાં જરુરીયાતમંદ દર્દીઓ / અશક્ત / અસહાય વ્યક્તિઓ કે જેઓની સાથે તેનું ધ્યાન રાખવા - સારવાર કરવા સ્નેહીજનોનો અભાવ હોય તેમને મદદરુપ થવા અને તે સાથે યોગ્ય અને સક્ષમ વ્યક્તિઓ કે જેઓને કામની અને આર્થિક જરુરીયાત છે તેઓને સેવા કાર્ય મળી રહે તે હેતુથી પ.પૂ.શ્રી નારાયણદાસ મહારાજની પ્રથમ પુણ્યતિથી આસો સુદ પૂનમ તા. ૧૭-૧૦-૨૦૦૫ થી શરુ કરવામાં આવેલ છે. આ સેવા કાર્યમાં જે ભાઈ - બહેનો યોગ્ય અને સક્ષમ હોય તેઓની લાયકાતો તપાસીને ભરતી કરવામાં આવે છે અને જરુરીયાત મંદ દર્દીઓની અરજી બાદ આવી વ્યક્તીઓને સેવા કાર્યમાં મોકલવામાં આવે છે. અત્યાર સુધીમાં આ સેવા કાર્યમાં જેટલા વ્યક્તીઓને મોકલવામાં આવ્યા છે. તેમના કાર્ય, ફરજ, સ્વભાવથી લોકો પ્રભાવિત થયા છે. અને સેવાર્થિને પ્રવૃત્તિ સાથે આર્તિક જરુરીયાત પુરી થતા સંતોષ પામ્યા છે. આ અનોખા કાર્યને તા. ૧૭-૧૦-૦૬ ના રોજ એક વર્ષુ પુરુ થયું હતું. અને બીજા વર્ષમાં પ્રવેશ કર્યો છે. આ કાર્યમાં પ.પૂ.સંતરામ મહારાજશ્રીના આશિર્વાદથી કોઈ મુશ્કેલી પડી નથી. ઘણીવાર તેમની દિવ્ય અનુભૂતિની આ નિસ્વાર્થ કાર્યમાં અનુભૂતી પણ થઈ છે. ગત વર્ષ દરમમયાન આ સેવા કાર્યમાં ૩૬ પુરુષો અને ૪૦ સ્ત્રીઓ જોડાઈ હતી ૪૫ જરુરીયાતમંદ દર્દીઓને આ સેવા કાર્યનો લાભ લીધો હતો. જે વ્યક્તઓએ આ સેવા આપી હતી તેઓએ રુા. ૧.૫૦ લાખનું વેતન પ્રાપ્ત કર્યું હતું. ગુજરાત રાજ્યના નડિયાદ શહેરમાં આવા પ્રકારની સેવાકીય પ્રવૃત્તિ પ.પૂ.શ્રી સંતરામ મંહારજના આશિર્વાદ અને પ્રેરણાથી જ ચાલુ થઈ શકી છે. નડિયાદ શહેરમાં વસતા કોઈપણ વ્યક્તિ આ સેવાકીય પ્રવૃત્તિમાં પોતાની સેવાઓ આપવા માંગતા હોય તેમણે શ્રી સંતરામ ફીઝીયોથેરાપી સેન્ટરનો સંપર્ક કરવો. આ સેવા પ્રવૃત્તિ નડીઆદ શહેર પુરતીજ છે.